રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત
ટેલીફોન : ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૨ અંક ૩ ૧ માર્ચ ૨૦૧૦

આ અંક અંતર્ગત :

પ્રેમ અને અસ્વસ્થતા ૧
મુલાકાતીઓના પ્રતિભાવ ૨
રેકિ અનુભવો ૩
હું અસ્તિત્વ સાથે ઐક્ય અનુભવું છું. ૪,૫
બ્રહ્મકમળ આશ્રમ તરફથી ૬
શતાબ્દી નિમિત્તે ૭
મહાશિવરાત્રી ઉત્સવનો અહેવાલ ૮,૯
રેકિ સેમિનારનું સમયપત્રક ૧૦

## અસ્વસ્થતા એટલે શું ? જયારે વ્યકિત પ્રેમમાં પડે છે ત્યારે શું તે અસ્વસ્થ બને છે ?

અસ્વસ્થતા કે સંતાપ એ હકીકતમાં એક રોગ છે. જેમાં તમે આરામદાયક સ્થિતિથી ઘણા દૂર થઇ જાવ છો. તમને અખત નફરત થવા લાગે છે. આ એક એવી પરિસ્થિતિ છે જેમાં તમારી અપેક્ષા પ્રમાણે તમને તે પ્રાપ્ત થતું નથી તમે અપૂર્ણ રહો છો. વાસ્તવમાં અસ્વસ્થતા કે સંતાપનો સરળ અર્થ એ છે કે અસ્વાભાવિક બનવું.

હું એમ તો નહીં કહું કે જયાં પ્રેમ છે ત્યાં અસ્વસ્થતા છે. આ બાબતમાં અસ્વસ્થતા કરતા પ્રેમની વ્યાખ્યા કરવી વધારે આવશ્યક છે. સાચો પ્રેમ એ છે કે જે દિવ્ય-પવિત્ર હોય. પ્રેમ ઉત્કૃષ્ટ છે. તે અસ્તિત્વનું પાયાનું હાર્દ છે. જેમ શરીર માટે પ્રાણવાયુ જીવન-ચાલક બળ છે તેવી જ રીતે અસ્તિત્વનું જીવન ચાલક બળ પ્રેમ છે. પરંતુ તે અતિશય શુદ્ધ તેમજ પવિત્ર હોવો જોઇએ. દિવ્ય પ્રેમમાં કયારેય અસ્વસ્થતા કે સંતાપ હોતો નથી. તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં આપ-લે નથી, અપેક્ષા નથી અને જયાં અપેક્ષા હોતી નથી ત્યાં અપૂર્ણતા પણ નથી હોતી. તેમજ અપૂર્ણતામાંથી ઉદ્ભવતી નિરાશા પણ હોતી નથી. તેથી જ દિવ્ય-પ્રેમમાં અસ્વસ્થતા કે વેદના હોતી નથી. પરંતુ દરેક વ્યકિતએ યાદ રાખવું ઘટે કે એક બીજા પ્રકારનો પ્રેમ પણ હોય છે જે અશુદ્ધ-અપવિત્ર પ્રેમ છે. તેવો પ્રેમ તે દિવ્ય પ્રેમના નામે વિષય-વાસના જ છે. આ પ્રકારના પ્રેમના બદલામાં માંગણી હોય છે. આવો પ્રેમ એક પ્રક્રિયા છે તે સ્વાભાવિક અવસ્થા નથી. માટે અસ્વસ્થતા માટેનું કારણ આ જ હોઇ શકે.

- અજીત સર

## આશ્રમમાં ઓરબ્સ (ORBS) ની ચમત્કારીક ઘટના



બાજુમાં આપેલ ફોટો તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૦નાં રોજ સાંજે લેવામાં આવેલ છે જયારે શિવરાત્રીનું અનુષ્ઠાન તેની ચરમસીમાએ હતું. આરતી પુરી થયા બાદ તરત જ મંદિર ઉપરનાં આકાશમાં આવા ORBS જોવા મળ્યા. આમતો નરી આંખે આકાશમાં કશું જ જોઇ શકાતું ન હતું છતાં જયારે ફોટો લેવામાં આવ્યો ત્યારે આવું જોવા મળ્યું. દર ગુરૂવારે આરતી પછી આવી ઘટના સામાન્ય રીતે જોવા મળતી હોય છે. બાજુમાં આપેલા ફોટોગ્રાફમાં પીળી પિતાંબર પહેરેલા બે પગ નીચે ઉતરતા જોઇ શકાય છે. (વર્તુળમાં બતાવ્યા પ્રમાણે)

# દેવરૂખ આશ્રમ બાબત મુલાકાતીઓના પ્રતિભાવ



પૂજય ગુરૂજી,

જય ગુરૂદેવ.

આપની સાથે આશ્રમમાં રહેવાનું થયું તે આકસ્મિક બનાવ ન હતો. તે સ્વામી સમર્થની જ ઈચ્છા હોય તેમ લાગ્યું. સ્વામી તો આપણી અંદર છે જ પરંતુ આશ્રમમાં તેઓ તમારા સ્વરૂપે હતા.

વિશેષ અભિવ્યકિત માટે અમારી પાસે શબ્દો નથી. પરંતુ ગુરૂજી અમને લાગે છે કે અમે જે કહેવા માગીએ છીએ તે આપ જાણો જ છો. અને હકીકતમાં તમે જે કહો છો કે જયારે એક બુંદ સમુદ્રમાં વિલિન જાય છે ત્યારબાદ તે કયું બુંદ હતું તે સમજવું મુશ્કેલ બની જાય છે, તે સમુદ્રમય બની જાય છે.



મંદિર, આશ્રમ તેમજ આસપાસનું સઘળું એટલું સુંદર છે જાણે કે પ્રાકૃતિક પ્રેમથી તેનું સંવર્ધન થતું હોય તેમ લાગે છે. આશ્રમના પ્રત્યેક વૃક્ષ, પક્ષીઓ, માટી, પાણી, આકાશ, વાયુ, ગાયો, સૂર્યના કિરણો તેમજ આશ્રમમાં આવેલા સઘળા સાધકોએ પ્રત્યેક ક્ષણે અમને અમારૂં આશ્રમનું ઘર સ્વર્ગ સમાન છે તેવી પ્રતીતિ કરાવી. આશ્રમનું ભોજન પ્રસાદ સમાન અને પાણી અમૃત સમાન લાગ્યું. ખરેખર આશ્રમમાં વિતાવેલી પ્રત્યેક ક્ષણને અમે ફરી ફરીને યાદ કરીએ છીએ.

કલ્પીતા, કૃપા દીદી, ભાશીજી, રોહિત, નન્દકિશોર, સ્નેહાતાઇ, મન્દાતાઇ, સમ્પદા, ગન્ધા, મોડક કાકા તેમજ ઉપસ્થિત રહેલા સર્વે સાધકો જેમના નામની અમને ખબર નથી તેમને સહુને અમારી સપ્રેમ યાદ સહ જયગુરૂદેવ.

અમારી લાગણી કેમ કરીને વ્યકત કરીએ તે સમજાતું નથી. અમારો પ્રેમ તેમ જ કૃતજ્ઞતાનો ભાવ એતો સમુદ્રના એક બુંદ સમાન છે. માત્ર દોઢ જ દિવસમાં અમને જે પ્રેમ, જે હુંફ અનુભવવા મળ્યા છે તે અમારા પર વરસેલા આપના કૃપા-આશીર્વાદ સિવાય કશું જ નથી.

અમને દર મહિને એક અઠવાડીયું દેવરૂખ આવીને સેવા કરવાની ઈચ્છા છે અને આશા છે કે અમારી આ ઈચ્છા આપના આશીર્વાદથી પરિપૂર્ણ થશે. જયારે આપ સેવા માટે અમને દેવરૂખ બોલાવશો ત્યારે અમે પ્રેમપૂર્વક ત્યાં જરૂર આવીશું.

સપ્રેમ

વિનયા સાવન્ત, વીણા દેશપાંડેના

જય ગુરૂદેવ

૫ ફેબ્રુઆરી ૨૦૧૦



# રેકિનો મારો અનુભવ



પૂજય ગુરૂજી,

ઘણા સમય પછી આપને પત્ર લખી રહી છું. રેકિ વિષયક મારો સુંદર અનુભવ હું આપને કહેવા માંગુ છું મારા માટે ખૂબજ રોમાંચક કહી શકાય તેવી વાત એ છે કે મેં કાર ડ્રાઈવીંગ શરૂ કરી દીધું છે. સાત વર્ષથી મારી પાસે ડ્રાઈવીંગ લાયસન્સ હોવા છતાં રસ્તા પર કાર ચલાવતા ડરતી હતી. આમતો હું સ્કુટર ચલાવું છું છતાં કાર ચલાવતી વખતે મનેં કોઇ અવરોધ નડતો હતો. મને મોટર ચલાવવા માટે જરૂરી બધુ આવડતુ હોવા છતાં ડ્રાઇવરની સીટ પર બેસી જયારે હું કાર ચલાવતી ત્યારે હું હંમેશા તણાવ અનુભવતી. મને કાર ચલાવવાનો કયારેય આનંદ ન આવતો એટલું જ નહીં પણ ગાડી ચલાવવા માટે મારે મારી જાતને અગાઉથી તૈયાર કરવી પડતી. ચાર દિવસ પહેલાં મેં ગાડી ચલાવી અને જાણે ચમત્કાર થયો! મારા માનવામાં જ ન આવ્યું કે હું આટલી સહજતાથી ગાડી ચલાવી રહી છું ? રેકિએ મારામાં ગાડી ચલાવવા બાબત જે અવરોધ હતો તે દૂર કરી દીધો હતો, કારણ કે હું તેને દૂર કરવા માંગતી હતી. આજે મેં વ્યસ્ત ટ્રાફીકમાં પણ કાર ચલાવી કે જયારે બાઇક ચલાવતા લોકો તમને સતત પરેશાન કરતા હોય છે ! મેં મારી કાર આજુબાજુ સીમ્બોલ દોરી દીધા પછી મને ભાન થયું કે બીજી ગાડીઓ, બાઇક ચાલકો તેમજ અન્ય લોકો માત્ર બે ફુટ જ દૂર હતા !!!

બીજું મારા નણંદને હમણાં સ્વાસ્થ્ય સબંધી ઘણી પરેશાની રહે છે. તે ડીપ્રેશન માટે સારવાર લે છે અને સતત બીમાર રહે છે. તેને ગેસની તકલીફ છે તેમજ સ્ત્રીઓને થતા રોગની (Gynecological) પણ ઘણી તકલીફ છે. હીમોગ્લોબીનનાં ટકા પણ ઓછા છે. તેની ઓવરીનું અલ્ટ્રાસાઉન્ડ કરવાથી માલુમ પડયું કે તેમાં PCOS છે અને એક સેમી. થી વધારે સાઇઝના સીસ્ટ છે.મેં તેને ૨૧ દિવસ રેકિ આપી. સંકલ્પ એવો રાખ્યો કે તે સંપૂર્ણ રીતે સ્વસ્થ થઇ ગઇ છે અને તે દુનિયામાં સહુથી સુખી છે. આમતો હું તેને ૨૧ દિવસ સુધી સતત રેકિ ન આપી શકી. કયારેક ન અપાય તો દિવસમાં બે વાર હું રેકિ આપતી. હવે અમને તેના મુડ તેમજ વર્તનમાં નોંધપાત્ર ફેરફાર દેખાય છે અને તે પહેલાં કરતાં ઘણી ખુશ રહે છે. અને મજાની વાત તો એ છે કે છેલ્લે જયારે અલ્ટ્રાસાઉન્ડ કરવામાં આવ્યુ ત્યારે તેની ઓવરી બીલકુલ નોરમલ હતી, સ્વચ્છ હતી. જયારે તેણે ડોકટરને PCOS બાબત વાત કરી ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા કરાણ કે એ ટાઇપના કોઇપણ Cells અત્યારે જોઇ શકતા ન હતા. તેને ગુટકાનું વ્યસન છે. મેં તેને રેકિના બદલામાં તે છોડી દેવાનું કહ્યું, તેણે તે સાવ તો નથી છોડયું પરંતુ તેનું પ્રમાણ જરૂર ઘટાડયું છે.

બીજા પણ અનેક લોકોને મેં ઘુંટણનાં દર્દની રાહત માટે, ગરદનનાં દુખાવા માટે, સ્નાયુનાં દુખાવા માટે તેમજ પેટનાં દર્દમાં રાહત મળે તે માટે રેકિ આપી છે અને લોકોને તેનાથી ફાયદો પણ થયો છે. હું મચ્છર તથા જીવડાઓને દૂર રાખવા પણ રેકિના સીમ્બોલનો ઉપયોગ કરૂ છુ. મને કોઇ અસ્વસ્થ કરી શકતું નથી કે ચિંતા કરવી શકતું નથી. હું હંમેશા શાંત અને સ્વસ્થ રહું છું અને તેમાં અનંદ અનુભવું છું, ગુરૂજી રેકિની દીક્ષા આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

સાદર પ્રણામ

**દિવ્યા રાજન**





# હું અસ્તિત્વ સાથે ઐકય અનુભવું છું.

નાદિયા એડરેવા, શિકાગો - યુ.એસ.એ.



પૂજય ગુરૂજી,

સમય પસાર થતો જાય છે. જેમ જેમ વસંત અને ગ્રીષ્મ નજીક આવતા જાય છે તેમ તેમ હું આપના શીકાગોમાં આગમનની, તમારૂ જ્ઞાન તેમજ તમારો પ્રેમ પામવાની આતુરતા પૂર્વક રાહ જોઇ રહી છું. તમે શિકાગો કયારે આવવાના છો એ બાબત કશો પ્રોગ્રામ નકકી છે ? ગમે તે કારણ હોય પરંતુ મને એટલી તો ખાત્રી છે જ કે તમે જરૂર અહીં આવશો. પરંતુ કયારે તે સવાલ રહે છે. મારા ગુરૂની ઉપસ્થિતિની આતુરતાપૂર્વક રાહ જોવા ઉપરાંત મારે મારા પરિવાર સાથે બલ્ગેરીયાના પ્રવાસે જવાનુ ગોઠવવાનું છે. પરંતુ મારે તમારી રહીંની મુલાકાત ચુકવી નથી. માટે તમારી શિકાગોની યાત્રા આશરે કયારે થવાની છે તે સમયગાળો જો નકકી હોય તો જણાવવા મહેરબાની કરશો.

મને રેકિનો સહુથી આશ્ચર્યજનક અનુભવ રેકિની પ્રથમ ડીગ્રી શીખ્યા બાદ સપ્ટેમ્બરનાં અંતભાગમાં મને મળ્યો. એ વખતે ડરનાં માર્યા મેં તમને એક ઈમેઇલ લખેલો તે કદાચ તમને યાદ હશે. જેમાં મારી માતાના ભય જન્માવે તેવા નિદાનની વાત લખી હતી. જો કે ઈશ્વર કૃપાથી તે નિદાન ખોટું જ હતું પરંતુ તેને લીધે મને બીજા ડોકટરનો અભિપ્રાય લેવા ગયા અને તે કદાચ આવેલી સમસ્યાનો શ્રેષ્ઠ ઉપાય હતો. ચમત્કારીક રીતે સમયાનુસાર મદદરૂપ થનારા એવા લોકો મળ્યા તે વર્ણવવા માટે શબ્દો નથી. વાસ્તવમાં તે દિવસોમાં હું ઈશ્વરની સતત હાજરીનો અનુભવ કરતી હતી. તે ઉપરાંત જે લોકોને હું વર્ષોથી ઓળખતી હતી તેમને નજીકથી તેમજ ખુલ્લા દિલથી ઓળખવાનો, સમજવાનો મોકો મળ્યો.

હું અમેરિકા પરત આવી કે તરત જ તમને પત્ર લખવાનો મારો સંકલ્પ હતો, તેમજ કૃતજ્ઞતા પ્રગટ કરવાનો તથા મને જે આશ્ચર્યજનક અનુભવ થયેલો તે બાબત લખવાનો હતો કારણ કે જે કંઇ બન્યુ તે આપના આશીર્વાદ થકી જ બન્યું હતું એ બાબત મારા મનમાં જરાપણ શંકા ન હતી. તમારા તરફથી વહેતી ઉર્જા, કે જે હું હંમેશા મેળવતી રહી છું તે માટે ગુરૂજી હું આપની ઋણી છું. પરંતુ સમસ્યા એ હતી કે ગમે તે કારણથી તે વખતે હું શંકાશીલ બની અને મારી ઉર્જા ક્ષીણ થવા લાગી હતી. મને એવું લાગ્યુ કે મારામાંથી ઉર્જાનો જે પ્રવાહ વહેતો હતો તે બંધ થવા લાગ્યો છે અને લોકો માટે જે કરૂણાનો ભાવ હું અનુભવતી હતી તે પણ મેં ગુમાવી દીધો હતો. અસ્તિત્વના એક અંશ તરીકે મળતી ખુશી પણ હું ગુમાવવા લાગી હતી. મેં રેકિ કરવાનું સાવ બંધ તો નહોતું કર્યું, પરંતુ રેકિની પ્રથમ ડીગ્રી લીધા પછીના ૩૦ દિવસો દરમ્યાન હું જે ઉત્સાહ અને આધ્યાત્મિક પ્રેરણાથી પ્રાયને રેકિ કરતી હતી તે ઉત્સાહ ઓસરી ગયો હતો. મારી આવી હાલત બાબત મેં આપને પુછયું નહી કે માર્ગદર્શન પણ માંગ્યુ નહીં તે માટે કૃપા કરી મને ક્ષમા કરો. એ વખતે મેં એમ માન્યું હતું કે કદાચ તમે કામમાં ખૂબ વ્યસ્ત હશો. અને મારૂં એ માનવું યોગ્ય હતું કે નહીં તે પણ મને ખબર નથી. હંમેશા મને જયારે આવી શંકા ઉત્પન્ન થાય છે ત્યારે હું પુસ્તકોનો સહારો લેતી જાઉં છું. દલાઇ લામાનાં પુસ્તકોમાં ખુલ્લા દિલથી પ્રેમનું સંવર્ધન કરવાનું મેં શોધ્યુ. મેં તમારી ‘મીરેજીસ’ તેમજ ‘રેઇનબો ઇન ધ હાર્ટ’ પણ ફરીથી વાંચ્યાં. તમારા માસિક ન્યુઝ પેપરના પણ હું સંપર્કમાં હતી. નવેમ્બરનાં અંકમાં ‘ઓપન હાર્ટ’ પુસ્તકમાંથી લીધેલું અવતરણ હતું. હું તે વખતે એ વાંચતી હતી અને તેમાં મને કંઇ સુચિત અર્થ દેખાયો કારણ કે હું તે જ પાનું વારંવાર વાંચતી હતી. ક્રીસ્ટમસનાં તહેવારની તૈયારીઓ પણ ચાલતી હતી જે ને કારણે પણ આપને પત્ર લખવામાં થોડી ઢીલ થઇ.

મને લાગે છે હવે મને યથાર્થ સમજ આવી છે અને ફરીથી હું તે ઉર્જાનો પ્રવાહ અનુભવી રહી છું. જીવન ચક્રમાં આવતી ચડતી-પડતી, આધ્યાત્મિકતાની અંદર-બહાર અને ઈશ્વર સાથે પણ? હું આ વિષચક્રમાંથી કયારે છટકી શકીશ ? હું તે માટે પ્રયત્ન કરવા કેમ કરી સક્ષમ બનીશ ? જે સાધકો તમારી પાસે પ્રત્યક્ષ રૂપે રહી શકે છે તેમજ જેઓ તેમની દ્વિધા તેમજ પ્રશ્નોના જવાબ પ્રત્યક્ષ જ આપની પાસેથી મેળવી શકે છે તેમને ઈશ્વર સુખી રાખે. પરંતુ હું આપનું માર્ગદર્શન પ્રત્યક્ષ મેળવી શકતી નથી તેનો મને રંજ છે.

આપનો કિંમતી સમય વધુ ન લેતા મારા વધુ એક પ્રશ્નનો જવાબ તમે આપો એમ હું ઇચ્છુ છું હું વર્ષોથી વેરીકોઝ વેઇન (નસોના ગુંચડા) નામના દર્દથી પીડાઉં છું. મારા ડાબા પગની ઘૂંટીની આજુબાજુ બેડોળ, ફુલેલી નસો અચાનક જ મારા ૨૮ થી ૩૦ વર્ષની વય દરમ્યાન દેખાવા લાગી. જેનું કોઇ કારણ જણાતું નથી. પરંપરાગત ઉપચાર પદ્ધતિમાં આ દર્દ માટે સર્જરી એ જ માત્ર એક ઉપાય છે. અને મને તે મારી સમસ્યાનો ઉકેલ જણાતો નથી, તેટલું જ નહીં પરંતુ તે મારી સમસ્યા વધારશે તેમ લાગે છે. મને ખબર છે કે રેકિ નવા કોશો ઉત્પન્ન કરી શકે છે. તો હું ફુલ બોડી રેકિ લીધા પછી મારા હાથને આ ફુલેલી નસો પર મુકું અને રેકિ આપુ તો મારૂ દર્દ

મટી જશે ? કે પછી મારે કંઇ વધારે Skills (આવડત) ની જરૂરત છે ?

અંતમાં હું આપના પ્રત્યે ઘેરી કૃતજ્ઞતા વ્યકત કરૂ છું. ઇમેઇલમાં માર્ગદર્શન આપવા બદલ, તમારા સુંદર માસિકપત્રો કે જે મારા માટે પ્રેરણાસ્ત્રોત છે તે માટે આપનો આભાર. તેમાંની બધી વાતો મને સુંદર પરિકથા જેવી લાગે છે. તેમાં આપેલા ફોટા તેમજ એક એક શબ્દો મારા અંતરાત્માને ઝણઝણાવી દે છે.

આપની વ્યસ્ત દિનચર્યામાંથી સમય કાઢીને પણ આપ મને પત્ર લખશો તેવી હું આતુરતા પૂર્વક રાહ જોઇ રહી છું.

સહુને આધ્યાત્મિક માર્ગદર્શન તેમજ પ્રકાશ મળે તેવી શુભેચ્છા સહ.

વીથ લવ લાઇટ અને રેકિ

નાદિયા ઇ.

# અમેરિકાના ઇન્ડીયાનાં સ્ટેટના પીયર્સટન શહેરમાં ૨૪ કલાક ત્ર્યંબક હોમ







ઇશ્વર તેમજ આપના આશીર્વાદ થકી ઇન્ડીયાનાના પીયર્સટનમાં ૨૪ કલાકનો ત્ર્યંબક હોમ કરવામાં આવ્યો. ૧૨ મી ફેબ્રુઆરીએ રાત્રે બાર વાગ્યે હોમ શરૂ થયો અને ૧૨ મી તારીખે રાત્રે બાર વાગ્યે તે પુરો થયો. હું માનું છું કે ઇશ્વરે અમને આ કાર્ય માટે પસંદ કર્યા હતા, અને એમણે જ આ કાર્ય સંપન્ન કરાવ્યું. ગયા વર્ષે પહેલી જ વાર અને ૨૪ કલાક ત્ર્યંબક હોમ કરેલો પરંતુ ત્યારે ધુમાડાની સમસ્યા નડી હતી, પરંતુ આ વર્ષે એકેઝોસ્ટ ફેન લગાવવાને કારણે હોમ આસાનીથી કરી શકાયો હતો. ગુરૂજી, મજાની વાત તો એ હતી કે તે ફેન લગાવવા માટે જે કંઇ સામાન જરૂરી હતો તે આજુબાજુમાંથી જ મળી ગયો. બારી માટે લાકડું (Ply-wood) બારીની બહાર જ પડયું હતું, પંખો ગેરેજમાંથી જ મળી ગયો. હવાને બહાર ધકેલવા માટે જરૂરી હોઝ પાઇપ પણ ગેરેજમાં જ હતો. યજ્ઞ થવાનો હોવાથી બધું સરળતાથી ગોઠવાઇ ગયું. મધ્યરાત્રીએ મેં હોમ શરૂ કર્યો અને યુવાન સાધકોએ રાત્રી દરમ્યાન સારો સાથ આપ્યો. ગુરૂજી, બધા યુવાન સાધકોએ સામેથી તૈયારી બતાવી, ગયા વર્ષે આ લોકો જરા અચકાતા હતા. હેમન્ત હોમ કરવા માટે સવારે સાડા ચારે જોડાયા, સંજય ગોખલે સવારે સાડા પાંચે આવ્યા અને લગભગ દોઢ કલાક હોમ કર્યો. બાકીના બધા મિત્રો એક એક કલાક બાદ આવવા લાગ્યા. એક મિનિટ પણ હોમ કરવાનું ચુકાયુ નહીં. લોકો તેમના વારાની રાહ જોતા હતા. લગભગ ૫૦ થી ૬૦ લોકોએ તેમાં ભાગ લીધો હતો. અમને બધા માટે ભોજન બનાવવનો પણ સમય મળ્યો. ગુરૂજી, તે ખૂબ શાંતિ તેમજ આનંદથી ભરપૂર દિવસ હતો. અમે દર વર્ષે આવો ૨૪ કલાકનો ત્ર્યંબક હોમ કરીશું, અમને તે માટે આશીર્વાદ આપો. સવારે ત્યાં વારસો (Warsaw) થી નવા મિત્રો પણ આવેલા, એમણે કહ્યું કે ૨૦ વર્ષ પછી આવો યજ્ઞ કરવાનો તેમજ તેનો અનુભવ લેવાનો મોકો મળ્યો. તે માટે તેમણે ઇશ્વરનો આભાર માન્યો. તેઓએ ઉમેર્યું કે આ જગ્યા મંદિર જેવી લાગે છે. ગુરૂજી અમારો યજ્ઞ અદ્દભુત થયો હતો. અમારા જીવનમાં અમને આવો અનુભવ કરાવવા બદલ અમે આપનો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

જય ગુરૂદેવ<br>
ઉર્સુલા પટેલ<br>
કો-ઓર્ડીનેટર ઇન્ડીયા સ્ટેટ

## બ્રહ્મકમળ આશ્રમનાં સમાચાર

### આશ્રમમાં નવા ભોજનકક્ષ નું નિર્માણ

આશ્રમનાં સાધકો તેમજ સેવ્યકારીઓએ આશ્રમનાં આંગણમાં લગભગ ૨૪ કલાકમાં જ નવા ભોજન કક્ષનું નિર્માણ કરી ઇતિહાસ સર્જ્યો હતો. આ નિર્માણ ૫ મી ફેબ્રુઆરીએ થયું. ચોથી ફેબ્રુઆરીએ સાધના રૂમમાં ગુરૂજી ઊંડા ધ્યાનમાં બેઠા હતા. તે દિવસે તેમને દર્શન થયું કે આશ્રમનાં વાયવ્ય ખૂણામાં એક કુટીર છે અને ધ્યાન દરમ્યાન સ્પષ્ટ સૂચના પણ મળી કે ભોજન માટે એક અલગ કક્ષ બનાવો જેથી કરીને શિવલિંગ પાસેના રૂમમાં જમવાનું બંધ કરી શકાય. કારણ કે તે જગ્યા આજકાલ ખૂબજ શકિતશાળી કંપનોવાળી બની ગઇ છે. આ વાત તેમણે ત્યાં બેઠેલા સેવ્યકારીઓને કરી. બધા તરત જ એક અદમ્ય ઉત્સાહથી કામે લાગ્યા. નવ સાધકોએ પોતાની રીતે જ કામ કર્યુ જેમાં બે સ્પેનીશ મુલાકાતીઓ પણ હતા. અને સહુએ માત્ર ૨૩ કલાકમાં જ કામ પાર પાડયું અને કિંમત ? શુન્ય ! આજુબાજુ માંથી પ્રાપ્ત થઇ શકે તેવા કુદરતી સામાનનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. એક ચમત્કારીક ઘટના !!! અને તે દિવસની સાંજ થી જ ત્યાં જમવાની શરૂઆત કરી હતી.





### આશ્રમમાં ચક્ર-ધ્યાન સ્તંભનું પ્રતિષ્ઠાપન

દેવરૂખ આશ્રમમાં આ વખતે મહા-શિવરાત્રી ઉત્સવ અલગ જ હતો. આશ્રમનાં બધા સાધકોની સર્જન શકિત અમુક સ્તર વટાવી ગઇ હતી. આશ્રમની મુલાકાતે આવનારા લોકો માટે ગુરૂજી એક ચક્રસ્તંભનું સ્થાપન કરવાનું વિચારી રહ્યા હતા કે જેથી કરીને તેમાંથી લોકોને ચક્રો તેમજ તેમના કાર્ય બાબત જ્ઞાન મળી શકે અને તે વિચારે વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરી લીધું. આશ્રમમાં રહેલા સાધકોએ તે સ્તંભની રચનાનું કાર્ય સ્વપ્રયત્નથી તેમજ કુશળતા પૂર્વક આરંભી લીધું. અને માત્ર ત્રણ જ દિવસમાં સ્તંભ તૈયાર થઇ ગયો. તે સ્તંભને રૂદ્રાભિષેક તેમજ રૂદ્રાધ્યાય નાં પઠન દ્વારા ઉર્જા પ્રદાન કરવામાં આવી. તે સ્મારક લોકો માટે ૧૫ માર્ચ ૨૦૧૦ એટલે કે આશ્રમનાં ૧૦ માં સ્થાપન દિને તૈયાર થઇ જશે.



## દેવરૂખ આશ્રમના ૧૦ મા સ્થાપ્ના દિન નિમિત્તે...

વ્હાલા રેકિ સાધકો,

જય ગુરૂદેવ.

પરમકૃપાળુ પરમેશ્વરની અસીમ કૃપાથી તમારા જેવા શિષ્યો મને મળ્યા છે. કેટલાક લોકો એવા છે કે જેના પર મહાન ગુરૂની કૃપા થઈ હોય અને કેટલાક ગુરૂ એવા છે કે જેમને ઉમદા શિષ્યો મળ્યા હોય. પરંતુ મારા સદભાગ્યે મને બંને શ્રેષ્ઠ પ્રાપ્ત થયા છે, જે મને લાગે છે કે એક અસામાન્ય સંયોગ છે. હુંતમારા બધાનો પ્રેમ તથા તમારા અધ્યાત્મિક માર્ગ પ્રત્યેની જાગૃતિ અનુભવી રહ્યો છું. ખાસ કરીને દેવરૂખ આશ્રમ બાબત હુંઘણો જ લાગણીવશ થઈ ગયો છું.મને હંમેશા આશ્ચર્ય થાય છે કે એવું તે મેંતમને શું આપ્યું છે કે તમે બધા મારા પ્રત્યે તેમજ મારા મિશન પ્રત્યે આટલો સ્નેહ તેમજ જાગૃતિ દર્શાવો છો!

જયારે મારા શિક્ષક શ્યામલ દુર્વેએ મને રેકિ માસ્ટર તરીકે જાહેર કર્યો ત્યારે મારું મીશન ૨૬ જાન્યુઆરી ૧૯૯૭ના રોજ શરૂ થયું. દરેક વ્યકિતના હૃદયમાં આનંદ અને શાંતિ ફેલાવવાના આ મિશને દેવરૂખ આશ્રમમાંથી ૧૫ માર્ચ ૨૦૦૦ની સાલમાં પ્રગટ સ્વરૂપ ધારણ કર્યુ. ત્યારબાદ તે ભલમનસાઈ તેમજ આર્શીવાદનું કેન્દ્ર બની ગયુંછે. આ પ્રગટ સ્વરૂપ આ વર્ષે ૧૫ મી માર્ચે દર્શ વર્ષ પુરા કરશે. પાછળ નજર કરતાં એવું લાગે છે કે આ બધું કયારે શકય બન્યું! જેમ દરેક આશ્રમમાંબને છે તેમ એક નાના સંસ્થાન તરીકે શરૂ કરેલ આશ્રમે હવે નદીના મોટા પ્રવાહનું સ્વરૂપ ધારણ કરી લીધુંછે. હું મારા આ મીશનને મારા સર્વે સાધકોને અર્પણ કરું છું કે જેમણે આ પવિત્ર સ્થળને આ જે જેવું છે તેવું બનાવવામાં પોતાનો પ્રાણ રેડયો છે. આ માર્ગ પરનો અતૂટ વિશ્વાસ, મિશન પ્રત્યેની સંપૂર્ણ જાગૃતિ અને તમારા હૃદયમાંથી વહેતી પ્રેમ અને કરૂણાની અવિરત ધારા આ ક્ષણે સહભાગી બની છે.

વિકાસના આ સમયગાળા દરમ્યાન આપણે બધા આ માર્ગમાં આવતા દુષણો કે જેણે ઘણા સંતોને તેમજ આદરણીય વ્યકિતઓને ભૂતકાળમાં વિચલિત કર્યા છે. તેનાથી દૂર રહેવા કૃત નિશ્ચયી બન્યા છીએ. આ નિશ્ચયને લીધે આ ચળવળના કેન્દ્ર સ્થાને રહેલી પવિત્રતા તેમજ સચ્ચાઈને જાળવી રાખવામાં આપણે સફળ બન્યા છીએ. આ મુદ્દે આપણે કયારેય સમાધાન કર્યુ નથી અને ભવિષ્યમાંપણ આ આધ્યાત્મિક નિતિમતાની આ પરંપરા જળવાઈ રહેશે. તેવી મને શ્રદ્ધા છે. જે લોકો આ માર્ગેથી વિચલિત થયા છે અને તેમાંથી અધોગતી પામ્યા છે. આપણે ઘણું શીખ્યા છીએ અને શીખતા રહીશું. મને શ્રદ્ધા છે કે આપણે બધા આપણા મીશન પ્રત્યેની દિવ્યતા–પવિત્રતાને આપણા વ્યકિતત્વના ભોગે પણ જાળવી રાખીશું અને હંમેશા આવા જ જુસ્સા સાથે કામ કરીશું.

અમે આ આનંદ ભર્યા ઉત્સવને તમારા હૃદયમાં રહેલા પવિત્ર ચૈતન્યનું તેમજ તમારા હોઠો પર રહેલી પ્રાર્થનાનું અભિવાદન કરવા ૧૩ માર્ચ ૨૦૧૦ થી ૧૭ માર્ચ ૨૦૧૦ દરમ્યાન ઉજવવાનું નકકી કર્યુ છે. આશ્રમનો સ્થાપના દિવસ ૧૫ મી માર્ચે આવે છે જયારે હિન્દુ નવુંવર્ષ ૧૬ મી માર્ચે છે અને સ્વામિ જયંતિ ૧૭ માર્ચે આવે છે. આ દિવસે આ પૃથ્વી પર સ્વામી પ્રથમ વાર પ્રગટ થયા હતા. આવું આ પહેલાં કયારેય બન્યું નથી. મને નથી લાગતું કે આ એક યોગાનું યોગ હોય, તે તેનાથી પર છે. કદાચ દિવ્ય ચેતનાએ આ બધા પ્રસંગો આ ક્રમમાં યોજવાનું નકકી પણ કર્યુ હોય. માટે હુંતમને બધાને આ અવસર પર ઉપસ્થિત રહેવા તેમજ તમારા ઘરની મુલાકાત લેવા આમંત્રણ પાઠવું છું. જો તમે આ પ્રસંગે હાજર નહીં રહી શકો તો અમને ખરેખર તમારી ખોટ સાલશે.

સ્વામીના ચરણ કમલમાંતમારી આતુરતા પૂવર્ક રાહ જોતા ....

— અજીત સર

# આશ્રમમાં મહાશિવરાત્રીનો ઉત્સવ



મહાશિવરાત્રી એક એવો ઉત્સવ છે જેની દરેક સાધક તેમજ ગામ-નિવાસી લોકો કે જેઓ આશ્રમ સાથે જોડાયેલા છે. તેઓ તેની આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે. અનુષ્ઠાનના એક મહિના પહેલા તપશ્ચર્યા કરવનાર સાધકોની સંખ્યા વધવાનું મુખ્ય કારણ એ છે કે તે અનુષ્ઠાનની પૂર્ણાહુતિ દેવરૂખ આશ્રમમાં કરવામાં આવે છે. પરંતુ અમારૂ એમ પણ માનવું છે કે છેલ્લા ત્રાણ વર્ષોથી જે ડેકોરેશન કરવામાં આવે છે તે એક યાત્રા સ્થળની અનુભૂતિ કરાવે છે તે પણ આકર્ષણનું મુખ્ય કારણ છે. ગયા વર્ષે ૧૨ જયોર્તિલિંગ બનાવ્યા હતા જેથી આ વખતે પણ એવું જ કંઇ કરવામાં આવશે તેવી લોકો અપેક્ષા રાખી રહ્યા હતા. સાધક મિલિન્દ ચવાણ કે જે આવા સર્જનાત્મક કાર્ય માટે કેન્દ્ર સમાન છે, તેમણે તેમજ તેની ટીમે આ વખતે પણ લોકોને નિરાશ કર્યા ન હતા. આ વખતે તેઓએ કૈલાસ-માનસરોવરનું દૃશ્ય ખડું કરી દીધું હતું. એવું લાગતુ હતું કે જાણે બરફાચ્છાદિત કૈલાસ પર્વત દેવરૂખની ધરતી પણ ઉતરી આવ્યો હતો, અને દેવાધિ દેવ ભગવાન શિવ તેની ટોચ પર ઉંડા ધ્યાનની મુદ્રામાં બિરાજમાન હતા અને તેમની જટામાંથી ગંગા વહેતી હતી. અને શિવ-શકિત નાં બે હાથ ભકતોને આશીર્વાદ આપતા હતા. આમેય આ વર્ષે ૪૪ સાધકોનું ગ્રુપ જુનમાં કૈલાસ-માનસરોવરની યાત્રાએ જવાનું હોઇ આ દૃશ્ય એકદમ યોગ્ય લાગતું હતું.

આવા કૈલાસની ઉપસ્થિતિમાં આ વખતે ૫૦ સાધકો કે જેઓએ એક મહિનો તપશ્ચર્યા કરી હતી તેમણે અવિરત ૭૨ કલાક સુધી ત્ર્યંબકમ્ મંત્રાનો જાપ કર્યો હતો. ત્રાણ ટીમ બનાવવામાં આવી હતી જેઓએ આ ૭૨ કલાક દરમ્યાન ત્ર્યંબક મંત્ર જાપ, અભિષેક તેમજ સ્વાહાકાર અલગ અલગ સ્થળે કર્યા હતો. જેને કારણે કૈલાસના સૂક્ષ્મ કંપનોએ જાણે વ્યકત સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ લાગતું હતું. સ્થૂળ અને સૂક્ષ્મનું આનાથી સુંદર કયું સંયોજન કયું હોઇ શકે ? ગયા વર્ષે ૩૦ સાધકોએ આ અનુષ્ઠાનમાં ભાગ લીધો હતો જયારે આ વર્ષે ૫૦. સહુથી આશ્ચર્યજનક બાબત તો એ હતી કે તેમાંના મોટાભાગે લગભગ ૧૯ થી ૩૦ વર્ષની વયનાં યુવાનો હતો. આ ઉપરથી આશ્રમ - વાતાવરણમાં શિવ-તત્વનાં કંપનોની કલ્પના કરી શકાય !





કૈલાસ પર્વત પર બિરાજેલા શિવ અને શકિતના આશીર્વાદ આપતા હાથ



ત્ર્યંબક કુટીર અને મધ્યમાં અભિષેક સ્થળ

## આશ્રમમાં પ્રાચીન ઋષિઓનું આગમન :

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે વૃક્ષોને પ્રાચીન ઋષિઓના નામ આપવાનો ગુરૂજીના અત્યંત માનીતા પ્રોજેકટને કાર્યાન્વીત કરાયો હતો. આશ્રમનાં પટાંગણમાં હવે ૨૭ આદરણીય ઋષિઓની ઉપસ્થિતિ મહેસુસ કરી શકાય છે. હવે આ બધા ઋષિઓની ઉપસ્થિતિમાં કરાયેલી સાધનાનો અનુભવ વધુ આકર્ષક બનશે.



## ધ્યાન કરતી વખતે ભગવાન શિવ વ્યાધચર્મ પર શા માટે બેસે છે?

એમ કહેવાય છે કે વાઘમાં ૬ ગુણો હોય છે. જે સાધના માર્ગે સફળતા પૂર્વક આગળ વધતા દરેક સાધકે કેળવવા જરૂરી છે. વાઘ જયારે શિકાર માટે જાય છે ત્યારે તેનું ધ્યાન શિકાર પર કેન્દ્રીત હોય છે અને તે જરાપણ વિચલિત થતો નથી. માટે તે પ્રથમ મહત્વનો ગુણ છે. તેને જે મેળવવાનું છે તે મેળવવા માટે તે પોતાની તમામ શકિતનો ઉપયોગ કરે છે, તે વખતે તે પોતાના અભિયાન માટે એટલો જવાબદાર હોય છે કે તે વખતે તેના મનમાં શિકાર સિવાય કશું જ હોતુ નથી. તે ખૂબ જ ત્વરાથી કામ કરે છે જે અસામાન્ય છે, અને તેને જે મેળવવાનું છે તેને માટે તે જરાપણ સમય ગુમાવતો નથી. તે તેના શિકાર પર ત્રાટકે તે પહેલાં જ તેણે અવનવી રીતો વિકસાવી લીધી હોય છે અને તેને તે કાર્ય માટે ખૂબજ અત્મવિશ્વાસ હોય છે. કોઇ પણ કાર્ય કરતાં પહેલાં તે તેના શિકાર ને તેની પકકડમાં લેવાની વ્યુહરચના બનાવી લે છે. તે શિકારની આદતોને ધ્યાનમાં લઇને યોગ્ય સમય પસંદ કરે છે. આમ વ્યાધ ચર્મ આવા ૬ ગુણો પર સદાય માટે વિજય મેળવવાનું સૂચવે છે. આમ થાય તો જ ધ્યાન ને સદાનંદ તરફ લઇ જાય તેવો મહત્વનો અભ્યાસ થયો કહેવાય.

## મીઠાનું સરોવર

વૃદ્ધ ગુરૂએ તેના યુવાન વ્યથિત ચેલાને એક મુઠી મીઠુ પાણીમાં નાખીને તે પીવાનું કહ્યું.

ગુરૂ એ પૂછયું, “ તેનો સ્વાદ કેવો લાગ્યો?”

શિષ્યે જવાબ આપ્યો, “ભયંકર”

ગુરૂએ શિષ્યને હળવી ટપલી મારી, અને કહ્યું કે હવે એક મુઠી મીઠુ લઇને સરોવરમાં પધરાવ. બંને જણા કંઇ પણ બોલ્યા વગર બાજુમાં આવેલા સરોવર પાસે ગયા અને જયારે શિષ્યે મીઠુ પાણીમાં મેળવ્યુ ગુરૂએ કહ્યું “હવે સરોવરમાંથી પાણી પી” જેવું પાણી શિષ્યના ગળા નીચે ઉતર્યું ત્યારે ગુરૂએ પૂછયું, “પાણી કેવું લાગ્યું?”

“મસ્ત!” શિષ્યે જવાબ આપ્યો.

ગુરૂએ પૂછયું, “તને મીઠાનો સ્વાદ આવ્યો ?”

“ના” શિષ્યે જવાબ આપ્યો.

ગુરૂ આ વ્યથિત યુવાન શિષ્યની પાસે બેઠા, તેનો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યા, “દુઃખ એ આ મીઠા જેવું છે, તેનાથી જરા પણ ઓછું કે વધારે નહીં. જિંદગીમાં દર્દનું પ્રમાણ તો તે જ રહે છે. મીઠાની જેમ જ, પરંતુ દુઃખનો સ્વાદ આપણે તેને કેટલા મોટા વાસણમાં નાખીએ છીએ તેના પર નિર્ભર છે. માટે જયારે તમે દુઃખી કે વ્યથિત હો ત્યારે માત્ર તમે તમારી ભાવનાઓને વિસ્તૃત કરી શકો”.

પહેલાં આપણે ધ્યાન કરીએ પછી આપણને લાગે છે કે જીવનનું દર્શન વધારે સ્પષ્ટ બન્યુ છે. આપણે કશું જ બદલવાનું હોતું નથી. પરંતુ આપણે જ બદલાતા જઇએ છીએ.

- મહર્ષિ મહેશ યોગી

## આશ્રમ જ્ઞાન

ઘણા સાધકોને એ વાતનું આશ્ચર્ય થતુ હતું કે શિવરાત્રીના અનુષ્ઠાન દરમ્યાન શા માટે દાઢી કરવાની નહીં, નખ કે વાળ પણ કાપવાના નહીં, ત્યારે ગુરૂજીનો જવાબ આ હતો. ''કંઇ પણ વસ્તુ કાપવી તે એક પ્રકારની હિંસા છે પછી તે ભલે ને અંતરમનનાં સ્તરે હોય ! બીજી રીતે જોઇએ તો કંઇપણ કાપવું એટલે તેનો અસ્વીકાર કરવો. આપણે વાળ, નખ વિગેરે કાપીએ છીએ કારણ કે તે આપણને આપણા શરીર પર નથી જોઇતા. ત્રીજી વાત એ છે કે નખ, વાળ, દાઢી આ બધું અંતરાત્મા માટે બહારનું છે. અનુષ્ઠાન દરમ્યાન દરેક સાધકે, દરેક રીતે અહિંસક બની, સંપૂર્ણ સ્વીકારનો ભાવ રાખી અને અંતરાત્મા તરફ ધ્યાન કેન્દ્રીત કરવાનું હોય છે. અને અંતમાં સામાન્ય રીતે આપણે એકંદરે પરિસ્થિતિ તેમજ લોકો આપણા માટે શું માને છે તેની જ દરકાર કરતા હોઇએ છીએ નહી કે આપણી અંદરનાં ભાવોની. આમ અનુષ્ઠાન દરમ્યાન આજુબાજુ શું બની રહ્યુ છે તેના તરફ નહીવત્ ધ્યાન આપવું જોઇએ જેથી આપણી સમગ્ર ઊર્જાનો પ્રવાહ અંદરની તરફ વહી શકે.

## રેકિ સેમીનારનું સમય પત્રક

| ક્રમાંક | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૬, ૭ માર્ચ | દેવરૂખ | અજીતસર | પ્રથમ |
| ૨ | ૬, ૭ માર્ચ | નાસિક | સીમાબેન | પ્રથમ |
| ૩ | ૨૦, ૨૧ માર્ચ | અમદાવાદ | ભારતીબેન | પ્રથમ |
| ૪ | ૨૭, ૨૮ માર્ચ | નાસિક | અજીતસર | પ્રથમ |
| ૫ | ૩, ૪ એપ્રિલ | રાજકોટ | અજીતસર | દ્વિતિય |
| ૬ | ૩, ૪ એપ્રિલ | રાજકોટ | સીમાબેન | પ્રથમ |
| ૭ | ૧૭, ૧૮ એપ્રિલ | વડોદરા | અજીતસર | પ્રથમ |
| ૮ | ૨૪, ૨૫ એપ્રિલ | દિલ્હી | અજીતસર | દ્વિતિય |
| ૯ | ૨૯ એપ્રિલ | અક્કલકોટ | વાર્ષિક ગુરૂ ચરિત્ર પઠન | - - |